# સામાજિક વિજ્ઞાન

## ધોરણ 7 ( Semester 1 )

### Chapter 6 : મધ્યયુગીન શાસનવ્યવસ્થા અને સ્થાપત્ય

**પ્રશ્ન 1 : નીચે આપેલા પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો :** **[ 5 Mark ]**

1 ગુજરાતના રાજા કુમારપાળની પસંદગી કોણે કરેલી ?

[A] તેના પિતાએ [B] મંત્રીમંડળે

[C] તેના દાદાએ [D] લશ્કરે

2 જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યે કયો વ્યાકરણગ્રંથ રચ્યો હતો ?

[A] સિદ્ધહેમ શબ્દાનુશાસન [B] શિશુપાલવધ

[C] નૈષધચરિત [D] કથાસરિતસાગર

3 ખજૂરાહોનું મંદિર કયાં આવેલું છે ?

[A] મધ્ય પ્રદેશમાં [B] ગુજરાતમાં

[C] મહારાષ્ટ્રમાં [D] કર્ણાટકમાં

4 મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?

[A] પાટણ જિલ્લામાં [B] મહેસાણા જિલ્લામાં

[C] બનાસકાંઠા જિલ્લામાં [D] અમદાવાદ જિલ્લામાં

5 દિલ્લીમાં ગુલામ વંશનો પ્રથમ સુલતાન કોણ હતો ?

[A] બલ્બન [B] ઈલ્તુત્મિશ

[C] કુત્બુદ્દીન ઐબક [D] રઝિયા સુલતાના

**પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો :** **[5 Mark ]**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (1) વિશાખદત્ત | ( A ) કથાસરિતસાગર |
| (2) કલ્હણ | ( B ) મુદ્રારાક્ષસ |
| (3) બિલ્હણ | ( C ) શિશુપાલવધ |
| (4) સોમદેવ | ( D ) વિક્રમાંદેવચરિત |
| (5) માઘ | ( E ) રાજતરંગિણી |

**પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[ 5 Mark ]**

1 ........................................... રાજા કુમારપાળ વિશે 'કુમારપાળચરિત્ર' લખ્યું છે.

2 નારાયણ પંડિતે પંચતંત્રના આધારે '....................................' નામનો વાર્તાસંગ્રહ લખ્યો હતો.

3 દક્ષિણ ભારતનાં મંદિરોનાં પ્રવેશદ્વારો '...................................' તરીકે ઓળખાય છે.

4 ......................................... નું મિનાક્ષી મંદિર દેશભરમાં પ્રખ્યાત છે.

5 અણહિલપુર પાટણની મહારાણી ................................ એ શાહબુદ્દિન ઘોરીને હરાવ્યો હતો.

**પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[ 5 Mark ]**

1 મધ્યકાલીન ભારતમાં ગામનો સરપંચ કે મુખી ગામના સંરક્ષણ અને ન્યાયની જવાબદારી સંભાળતો.

2 'નૈષધચરિત' નામના મહાકાવ્યમાં કૃષ્ણભકિતના પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે.

3 દક્ષિણ ભારતમાં ઈલોરામાં હિંદુ, જૈન અને શીખ ધર્મની ગુફાઓ છે.

4 શાહબુદ્દીન સામે પૃથ્વીરાજ ચૌહાણની હાર થતાં દિલ્લી પરથી રાજપૂત શાસનનો અંત આવ્યો.

5 કુત્બુદ્દીન ઐબકે દિલ્લી ઉપર ઘોરી વંશની સ્થાપના કરી.